# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ, તા. ૨૪/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- સીધી રીતે ચૂંટણી લડવાની ક્ષમતા ગુમાવી ચુકેલી કોંગ્રેસ સમાજના નામે પ્રોક્સી વોર પર ઉતરી આવી છે : **શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા**
- ભા. જ.પા કાર્યાલય પર તોડ ફોડ કરીને કોંગ્રેસ ગુજરાતની શાંતિ અને સલામતી ને ડહોળવાનો બાલિશ પ્રયાસ કરી રહી છે.
- હાર ભાળી ગયેલી કોંગ્રેસ ચૂંટણી ડહોળવાનો પ્રયત્ન કરી રહી છે.
- **જેમ અલગાવવાદી નેતાઓને કાશ્મીર સળગતું રહે તેમાં જ રસ છે. તે જ રીતે કોંગ્રેસને પણ ગુજરાત સળગતું રહે તેમા જ રસ છે : શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયવાલાએ કોંગ્રેસની આકારી જાટકણી કાઢતા એક નિવેદનમાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલય પર તોડફોડ કરીને કોંગ્રેસે

પોતાની હલકી માનસિકતા છતી કરી છે. કોંગ્રેસના આ કૃત્યને ભારતીય જનતા પાર્ટી સખત શબ્દોમાં વખોડી નાંખે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પાટીદાર સમાજના નામે કેટલાક કોંગ્રેસીઓએ ગઇકાલે મોડી રાત્રે ભા. જ.પા કાર્યાલય પર તોડફોડ કરી ગુજરાતની શાંતિ અને સલામતી ડહોળવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ સમાજના નામે શહેર સળગાવવા નીકળેલા કોંગ્રેસીઓ કાન ખોલીને સાંભળી લે તેઓની મેલી મુરાદ કયારેય બર આવશે નહીં. હાર ભાળી ગયેલી કોંગ્રેસ સમાજના નામે લોકોને ગુમરાહ કરી રહી છે. નેતા, નેતૃત્વ અને કાર્યકર્તા ગુમાવી ચુકેલી કોંગ્રેસ સીધી રીતે લડી શકતી નથી તેથી સમાજના નામે પ્રોક્સી વોર પર ઉતરી આવી છે. કોંગ્રેસમાં તાકાત હોય તો સીધી રીતે વિકાસના મુદ્દે ચૂંટણી લડે અને પોતાના ઉમેદવારોની ડિપોઝિટ બચાવીને બતાવે. તેમ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું હતું.

વધુમાં શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ સુરત મહાનગરના યુવાનો અને ખાસ કરીને પાટીદાર સમાજના યુવાનો તેમજ તેમના વડીલોને અપીલ કરતા જણાવ્યું કે કોંગ્રેસ અનામતના નામે યુવાનોને અને સમાજને ગેરમાર્ગે દોરી રહી છે. તેથી કોંગ્રેસની છેતરામણી જાહેરાતમાં કોઈએ આવવું જોઈએ નહીં. સમાજ અને દેશને તોડનારી કોંગ્રેસ ક્યારેય કોઈનું ભલું કરી શકે નહીં. જેમ કાશ્મીરના અલગાવવાદી નેતાઓને કાશ્મીર સળગતું રહે તેમાં જ તેમને રસ હોય છે. તે રીતે જ કોંગ્રેસને ગુજરાત સળગતું રહે તેમા જ કોંગ્રેસને રસ છે.